UGVCL

# આપણું યુજીવીસીએલ

અંક-૬, જાન્યુઆરી ૨૦૧૧

## યુજીવીસીએલ પરિવારે ઉત્સાહભેર ઉજવ્યો પ્રજાસત્તાક દિન

# ઊર્જાક્ષેત્રે નવીન પહેલોથી ઝળહળશે વાઈબ્રન્ટ ગુજરાત

## વાઈબ્રન્ટ ગુજરાત સમીટ રાજ્યની આર્થિક સફળતાનું મોડેલ

## વીજ વિતરણ જ નહીં સમાજના અન્ય ક્ષેત્રોમાં પણ યુજીવીસીએલનો મહત્ત્વપૂર્ણ ફાળો



સ્વર્ણિમ ગુજરાત
1960 - 2010

વર્ષ–૧ અંક–૬, જાન્યુઆરી ૨૦૧૧
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
**શ્રી એ. કે. વર્મા, આઈએફએસ**
**મેનેજિંગ ડિરેક્ટર,**
**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી આર. જી. એન્જિનિયર, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એસ. આર. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રીમતિ છાયાબેન દેસાઈ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૦૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

# આ અંકમાં

સંદેશ.......... ૦૩

કંપની સમાચાર.......... ૦૪
- યુજીવીસીએલ પરિવારે ઉત્સાહભેર ઉજવ્યો પ્રજાસત્તાક દિન.......... ૦૪
- વીજ વિતરણની કાર્યક્ષમતા વધારવા થયેલી મહત્ત્વપૂર્ણ મીટિંગ.......... ૦૫

પહેલ.......... ૦૬
- ઊર્જાક્ષેત્રે નવીન પહેલોથી ઝળહળશે વાઇબ્રન્ટ ગુજરાત.... ૦૬

રમતગમત.......... ૧૨
- રોમાંચક બની ઈન્ટર કંપની વૉલીબૉલ ટુર્નામેન્ટ : દક્ષિણ ગુજરાત વીજ કંપની ચેમ્પિયન.......... ૧૨

આપના પ્રતિભાવ.......... ૧૪

પાવર ન્યૂઝ.......... ૧૫
- યુરોપિયન કમિશન દ્વારા એનર્જી પ્રોજેક્ટ્સ.......... ૧૫
- સૌર ઊર્જાથી મોબાઇલ પણ ચાર્જ થઇ શકશે.......... ૧૫
- ૨૦૧૧માં ભારતની કારોમાં એનર્જી એફિશિયન્સી માટે સ્ટાર રેટિંગ.......... ૧૫

પાવર પ્રેરણા.......... ૧૬
- બદલાવ સ્વીકારવા મદદરૂપ થતા ૮ રસ્તા.......... ૧૬
- તમને જે જોઇએ તે મેળવવા તમને કોણ રોકે છે?.......... ૧૭

પાવર કિડ્ઝ.......... ૧૮
- પ્લાસ્ટિકની પાણીની બોટલ છોડો અને ઊર્જા બચાવો...... ૧૮
- ઊર્જાની બચત કરવા વિશ્વના દરેક દેશો આગળ.......... ૧૮

પાવર ક્વિઝ.......... ૧૯
- ઇલેક્ટ્રિસિટી ક્વિઝ.......... ૧૯



**આપણે આ ઈ-ન્યૂઝલેટરનું નામ 'આપણું યુજીવીસીએલ' સાર્થક કરીએ, આપણે સૌ એકમેકની વધુ નજીક આવીએ, કંપનીની પ્રગતિ માટેના આપણા વિચારોને આ ઈ-ન્યૂઝલેટરના માધ્યમથી એકબીજા સુધી પહોંચાડીએ ત્યારે આ ઈ-ન્યૂઝલેટરના મૂળભૂત હેતુઓ સિદ્ધ થશે.**

પ્રિય મિત્રો,

આપ સૌને પ્રજાસત્તાક પર્વની હાર્દિક શુભેચ્છાઓ!

આપણા સૌ માટે આ એક મહત્ત્વપૂર્ણ ઉત્સવ છે કેમ કે આ દિવસે આપણે માત્ર આપણા ગણતંત્રની સ્થાપનાની જ ઉજવણી કરતા નથી, પરંતુ આપણા ભાવિની મક્કમ બુનિયાદ પણ તૈયાર કરીએ છીએ. આપણે એ વાતનું ગૌરવ લેવું જોઈએ કે આપણો દેશ સમગ્ર વિશ્વમાં એક સમર્થ લોકશાહી દેશ તરીકે પોતાનું સ્થાન સતત મજબૂત કરતો રહ્યો છે.

આપણી લોકશાહી દેશને કેવી સંગીન સ્થિતિમાં લાવી શકે છે તેનું એક ઉદાહરણ છે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર સમીટ-૨૦૧૧. આ વર્ષના સમીટમાં ગુજરાતમાં ઊર્જા ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ એમઓયુ સાઇન થયાં છે. પર્યાવરણ માટે સાનુકૂળ એવું વીજ ઉત્પાદન, ખેડૂતો માટે લાભદાયી પહેલો અને ભવિષ્યની વીજમાંગને પહોંચી વળવાની દિશામાં આપણી કંપની યુજીવીસીએલ દ્વારા પણ નોંધપાત્ર રોકાણ સાથેનાં એમઓયુ સાઇન કરવામાં આવ્યાં છે. આ એમઓયુ સમગ્ર સમાજની પ્રગતિ માટેની આપણી ભાવના વ્યક્ત કરે છે. આ અંકમાં આપને આ એમઓયુ તથા કંપનીની અન્ય પહેલો તથા આયોજનો વિશે વિગતવાર માહિતી મળશે.

એક બીજી વાત તરફ પણ આપ સૌનું ધ્યાન દોરવા ઇચ્છું છું.

આપણું યુજીવીસીએલ ઇ-ન્યૂઝલેટરનો આ છઠ્ઠો અંક પ્રકાશિત થયો છે. અત્યાર સુધીમાં પ્રકાશિત થયેલા છ અંકમાં આપણે કંપનીના વિવિધ પ્રાસંગિક સમાચાર, કર્મચારીઓની વિવિધ પહેલો અને સિદ્ધિઓ, રમતગમત તથા અન્ય ક્ષેત્રોમાં આપણા પરિવારજનોની પ્રગતિ વગેરે સમાચારો જાણ્યા છે.

તેમ છતાં, મને લાગે છે કે આ ઇ-ન્યૂઝલેટર માત્ર માહિતીના આદાનપ્રદાન માટે નથી. તેનો હેતુ આટલો સીમિત ન હોઈ શકે. વાસ્તવમાં તો, આપણે એક રીતે આપણી કાર્યવાહીઓ, આપણી પ્રગતિ અને આપણાં આયોજનોનું વિસ્તૃત ડોક્યુમેન્ટેશન આ ઇ-ન્યૂઝલેટરના સ્વરૂપમાં તૈયાર કરી રહ્યા છીએ.

આપણે આ ઇ-ન્યૂઝલેટરનું નામ - 'આપણું યુજીવીસીએલ' - સાર્થક કરીએ, આપણે સૌ એકમેકની વધુ નજીક આવીએ, કંપનીની પ્રગતિ માટેના આપણા વિચારોને આ ઇ-ન્યૂઝલેટરના માધ્યમથી એકબીજા સુધી પહોંચાડીએ ત્યારે આ ઇ-ન્યૂઝલેટરના મૂળભૂત હેતુઓ સિદ્ધ થશે.

મિત્રો, આ ઇ-ન્યૂઝલેટર આપણા સૌનો છે અને આપ સૌનું તેમાં યોગદાન આપણી પ્રગતિનો પાયો તૈયાર કરશે.

ફરી એક વાર, શુભેચ્છાઓ સાથે,

**એ. કે. વર્મા**, આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ









# યુજીવીસીએલ પરિવારે ઉત્સાહભેર ઉજવ્યો પ્રજાસત્તાક દિન

તા. ૨૬/૦૧/૨૦૧૧ના રોજ સવારે ૯ વાગે ઉત્તર ગુજરાત વીજ કંપનીની મહેસાણા કોર્પોરેટ ઓફિસના પ્રાંગણ ખાતે કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા દ્વારા ભારત દેશના ૬૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ શુભ દિવસની ઉજવણીમાં કંપનીના ઉચ્ચ અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમની શોભા વધારી હતી. ઉચ્ચ અધિકારીઓમાં કંપનીના મુખ્ય ઈજનેર (ઓપ.) શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઈજનેર (પી એન્ડ પી) શ્રી આર. જી. એન્જિનિયર, જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર. બી. કોઠારી, મહેસાણા સર્કલ ઓફિસના અધિક્ષક ઈજનેર શ્રીમતિ છાયાબેન દેસાઈ ઉપરાંત ઉચ્ચ અધિકારીઓએ તથા કર્મચારીઓએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

સવારે ૯ વાગે શ્રી એ. કે. વર્મા સાહેબે દેશના ત્રિરંગાને ફરકાવી ભારતની સ્વતંત્રતાની યાદ તાજી કરાવી હતી.

આ પ્રસંગે ઈન્ટર કંપની બેડમિન્ટન સ્પર્ધાના ચેમ્પિયન નાયબ ઈજનેર શ્રી કમલ સિંધીનું કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વર્મા સાહેબ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

**ઉતર ગુજરાત વીજ કંપનીની મહેસાણા સર્કલ ઓફિસના પ્રાંગણમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા દ્વારા ભારત દેશના ૬૨મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી**

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી એ. કે. વર્મા સાહેબે તમામ કર્મચારી ભાઈ-બેહનોને દેશના ૬૨મા પ્રજાસત્તાક દિવસની શુભકામનાઓ પાઠવી હતી. શ્રી એ. કે. વર્મા સાહેબે વધુમાં જણાવ્યું કે ઉત્તર ગુજરાત વીજ કંપની પ્રગતિના પંથે ખૂબ ઝડપથી આગળ વધી રહી છે જે બદલ તેઓએ તમામ કર્મચારીઓના સહયોગ બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. શ્રી વર્માએ ઉમેર્યું હતું કે ગાંધીનગરના મહાત્મા ગાંધી મંદિર ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ- ૨૦૧૧માં કંપનીએ ત્રણ સમજૂતી કરાર કર્યા છે. આ ત્રણેય કરારના કારણે કંપનીને વિસ્તરણમાં સિંહફાળો પ્રાપ્ત થશે. રૂ. ૫૦૦૦ કરોડ, (યુજીવીસીએલ તથા જેટકો, પ્રત્યેક રૂ. ૨૫૦૦ કરોડ) રૂ. ૧૧૨૦ કરોડ અને રૂ. ૨.૩ કરોડના આ ત્રણેય કરાર દ્વારા કંપનીને ઘણો લાભ થશે.



આ બાદ શ્રી એ. કે. વર્મા સાહેબે કંપનીના ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત સમારંભ પણ આયોજિત કર્યો હતો જેમાં કંપનીના નિવૃત અધિકારીઓ અને પરિવારજનોએ પણ ભાગ લીધો હતો. ■

# વીજ વિતરણની કાર્યક્ષમતા વધારવા થયેલી કંપનીની બોર્ડ મીટિંગ



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ૪૬મી બોર્ડ મીટિંગ તારીખ ૨૪મી જાન્યુઆરી ૨૦૧૧ના રોજ ગાંધીનગરના થર્મલ પાવર સ્ટેશનના કોન્ફરન્સ રૂમમાં આયોજિત થઇ હતી. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ચેરમેન શ્રી જી. મહાપાત્ર, આઇએએસ, મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા, આઇએફએસ, શ્રી એલ. ચુઆંગો, આઇએએસ, શ્રી એચ. પી. દેસાઇ, શ્રી કે. પી. પટેલ અને શ્રી કે. એમ. શ્રીંગારપુરે, ડિરેક્ટર્સ, શ્રી પી. જે. પટેલ, ચીફ એન્જિનિયર (ઓપરેશન), શ્રી આર. જી. એન્જિનિયર ચીફ એન્જિનિયર (પી એન્ડ પી), શ્રી આર. બી. કોઠારી જનરલ મેનેજર (ફાઇનાન્સ), શ્રી એન. એમ. જોશી કંપની સેક્રેટરી ઉપસ્થિત હતા.

**બોર્ડ મીટિંગનો હેતુઃ**

બોર્ડ મીટિંગમાં વર્તમાન કાર્યક્ષમતાને વધુ સારી બનાવવા અને વિવિધ પ્રસ્તાવો પર સઘન ચર્ચા કરીને તેને અમલિત કરવા એ મીટિંગનો મુખ્ય હેતુ હતો.

ડીસા ખાતે હાલમાં બે ડિવિઝન ડીસા-૧ અને ડીસા-૨ ઓફિસો કાર્યરત છે. જે પૈકી ડીસા-૧ના તાબા હેઠળની ડીસા ગ્રામીણ સબ ડિવિઝન ઓફિસનું વિભાજન કરી ડીસા ગ્રામીણ-૧ અને

**[ કંપનીની વર્તમાન કાર્યક્ષમતાને વધુ સારી બનાવવી અને વિવિધ પ્રસ્તાવો પર સઘન ચર્ચા કરીને તેને અમલિત કરવા એ મીટિંગનો મુખ્ય હેતુ હતો ]**

ડીસા ગ્રામીણ-૨ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે પાલનપુર સર્કલના તાબા હેઠળ કાર્યરત રહેશે.

ડીસા ગ્રામીણ સબડિવિઝન-૨ ઓફિસ માટે નીચે પ્રમાણેના પદ નિયુક્ત કરવાની મંજૂરી આપવામાં આવી છે. ડેપ્યુટી એન્જિનિયર-૧, જુનિયર એન્જિનિયર-૨, સીનિયર આસિસ્ટન્ટ-૨, જુનિયર આસિસ્ટન્ટ/મીટર રીડર-૫, લાઇન ઇન્સ્પેક્ટર-૧, લાઇનમેન-૧, હેલ્પર-૨, પટાવાળો-૧ એમ કુલ ૧૫ પદ નિયુક્ત કરવાની મંજૂરી મળી છે.

કોર્પોરેટ ઓફિસમાં ડિકમિશનિંગ લીગસીની આઇટી સિસ્ટમમાં વધારાના સ્ટાફને નિયુક્ત કરવા માટેના પ્રસ્તાવને પણ મંજૂરી મળી છે.

**પદોની મંજૂરી**

- મેનેજર (આઇટી) (સિસ્ટમ એડમિનિ-સ્ટ્રેશન) અને આસિસ્ટન્ટ મેનેજર (આઇટી (સિસ્ટમ એડમિનિસ્ટ્રેશન))
- મેનેજર (આઇટી) (સિક્યુરિટી એડમિનિ-સ્ટ્રેશન) અને આસિસ્ટન્ટ મેનેજર (આઇટી (સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન))
- મેનેજર (આઇટી) (એપ્સ ડીબીએ) અને આસિસ્ટન્ટ મેનેજર (આઇટી) (એપ્સ ડીબીએ)
- મેનેજર (આઇટી) (નેટવર્ક એડમિનિ સ્ટ્રેશન) અને આસિસ્ટન્ટ મેનેજર (આઇટી) (નેટવર્ક એડમિનિસ્ટ્રેશન)
- મેનેજર (આઇટી) (ઓરેકલ એપ્લિકેશન્સ ટેક્નો ફંક્શનલ એક્સપર્ટ) અને આસિસ્ટન્ટ મેનેજર (આઇટી) (ઓરેકલ એપ્લિકેશન્સ ટેક્નો ફંક્શનલ એક્સપર્ટ)

અમદાવાદ વિસ્તારમાં આવતા સાબરમતી સર્કલના સાત સબડિવિઝનમાં વર્તમાન માળખાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે આર-એપીડીઆરપી પાર્ટ-૧ અંતર્ગત સુપરવાઇઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એક્વિઝિશન (સ્કાડા)નું અમલીકરણ કરવામાં આવ્યું છે. પાવર ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ દ્વારા રૂ.૩૩.૮૨ કરોડની આર્થિક સહાયતા મળી છે. ■









# ઊર્જાક્ષેત્રે નવીન પહેલથી ઝળહળશે વાઈબ્રન્ટ ગુજરાત

**ગુજરાતે ભારતના ગ્લોબલ બિઝનેસ હબ તરીકે પોતાનું નામ ઉજ્જ્વળ કર્યુ છે. પાંચમી વાઈબ્રન્ટ સમિટના સફળના આયોજન પછી એ સ્પષ્ટ થઈ ગયું છે કે સ્વપ્નદૃષ્ટા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વમાં ગુજરાતે આંતરરાષ્ટ્રીય ઉદ્યોગ અને વેપારના નકશામાં મહત્ત્વનું સ્થાન મેળવી લીધું છે**

વાઈબ્રન્ટ ગુજરાત સમીટ હવે રાજ્યની આર્થિક સફળતાની પારાશીશી બની ચૂકેલ છે. આ પ્રકારના કાર્યક્રમથી રાજ્યને પોતાની સક્ષમતા, પ્રગતિશીલતા, મિત્રતાભર્યુ વાતાવરણ, સંસ્કાર અને સંસ્કૃતિ વિશ્વ સમક્ષ રજૂ કરવાની મોટી તક મળે છે.

એમાં પણ ૨૦૧૧ની પાંચમી વાઈબ્રન્ટ ગુજરાત સમીટની અભૂતપૂર્વ સફળતાથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે ગુજરાત આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું રાજ્ય છે. માત્ર ભારતીય રાજ્યો અને કંપનીઓ જ નહીં પરંતુ અનેક વિદેશી કંપનીઓએ વાઈબ્રન્ટ ગુજરાતના મંચ પર એક સાથે ભેગા થઇ વિવિધ ક્ષેત્રોમાં પોતપોતાની કાર્યક્ષમતા દર્શાવીને ગુજરાતમાં પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારવાની તત્પરતા દર્શાવી હતી.

આ કાર્યક્રમથી એ વાત સ્પષ્ટ થઇ છે કે ગુજરાતે ભારતના ગ્લોબલ બિઝનેસ હબ તરીકે પોતાનું નામ ઉજ્જ્વળ કર્યું છે. સ્વપ્નદૃષ્ટા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ગુજરાત રાજ્યે સમગ્ર દેશ માટે વિકાસની નવી દિશા કંડારી આપી છે. પ્રખ્યાત ઉદ્યોગપતિ શ્રી રતન ટાટા પણ એવું કહેતાં પોતાને રોકી ન શક્યા કે શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતનો ઇતિહાસ બદલી નાખ્યો છે.

વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૧થી ગુજરાતને ભારતનું ખુબ પસંદગીપાત્ર મુકામ બનાવવામાં પણ સફળતા મળી છે જેમાં વિશ્વભર સાથે જ્ઞાન અને ટેક્નોલોજીની આપલે કરવાનું કાર્ય મુખ્ય રહ્યું છે.

વર્ષ ૨૦૦૯માં જ્યાં ૨૪૦ બિલિયન ડોલરના એમઓયુ સાઇન થયા હતા. ગયા સમીટમાં ૪૫ દેશોએ ભાગ લીધો હતો જ્યારે આ વર્ષે કુલ ૧૪૦૦ વિદેશી ડેલીગેટ્સ હતા, લગભગ



૭૯૩૬ એમઓયુ સાઈન થયા અને મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ૨૦.૮૩ કરોડ રૂપિયાના એમઓયુ સાઈન થયા હતા.

વાઈબ્રન્ટ ગુજરાતની ઝળહળતી સફળતામાં રાજ્યના ઊર્જા ક્ષેત્રે પણ પોતાનો ઉજાસ ઉમેર્યો છે. આ કાર્યક્રમ દરમિયાન થયેલાં એમઓયુમાં ઊર્જાક્ષેત્રનો સિંહફાળો રહ્યો છે.

આવનારાં વર્ષોમાં ગુજરાતે ગ્રીન એનર્જી એટલે કે પર્યાવરણને સાનુકૂળ એવી ઊર્જાના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. આ માટે રાજ્યમાં વૈકલ્પિક ઊર્જાના સ્રોત જેવાં કે સૂર્યશક્તિ, પવન અને બાયોમાસ દ્વારા ઊર્જા ઉત્પાદનને વેગ આપવા માટે લક્ષિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતના ઊર્જાવંત વિકાસની આ છે રૂપરેખા...

- રાજ્યે જીડીપીનો વાર્ષિક વિકાસ ૧૧ ટકાના દરે કરવાનું ધ્યેય રાખ્યું છે જેના દ્વારા ઊર્જા બમણી કરવાની ક્ષમતા વધશે.
- રાજ્ય પાવર સેક્ટરમાં સ્વચ્છ બળતણ અને અસરકારક ટેક્નોલોજીને પ્રોત્સાહન માટે પ્રયાસશીલ છે.
- પાવર જનરેશનમાં અસરકારક અને એન વાયર્નમેન્ટ ફ્રેન્ડલી ટેકનોલોજી પ્રાઈવેટ કંપનીઓને આપવા માટે પણ તત્પર છે.
- રીન્યુએબલ એનર્જીમાં આવનારા ૩-૪ વર્ષોમાં રૂ.૬૫૦૦૦ કરોડનું રોકાણ થવાની શક્યતા છે જેમાં મુખ્યત્વે વિન્ડ એનર્જી (૪૦૦૦ મેગાવોટ), બાયોમાસ એનર્જી (૧૦૦૦ મેગાવોટ) અને સોલર એનર્જી (૭૧૬ મેગાવોટ) સામેલ છે.
- રાજ્ય સરકારની પહેલથી ગ્લોબલ વોર્મિંગ સામે ટક્કર લેવા અને કાર્બન નિકાસને અટકાવવા માટે અનેક પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા છે જેના દ્વારા વાર્ષિક ૨૦૦૦૦ મિલિયન યુનિટ વીજળી ઉત્પન્ન થશે. આમ થવાથી ૧૨.૫ મિલિયન ટને કોલસો બચી શકશે અને એ રીતે વાર્ષિક ૧૮.૪ મિલિયન ટન કાર્બન નિકાસ ઓછો થશે.

(પૂરક માહિતી : www.vibrantgujarat.com)

## વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ - ૨૦૧૧



- ૨૦.૮૩ લાખ કરોડનું મૂડી રોકાણ
- કુલ ૭૯૩૬ કરાર
- ૬૫૦ બેઠકોનો દોર
- ૧૦૧ દેશોના પ્રતિનિધિઓ સાથે નોલેજ શેરિંગ
- ૧૪૦૦ વિદેશી મહેમાનો પધાર્યા
- ૩૫૦ વક્તાઓ
- ૧૪ કન્ટ્રી-સ્ટેટ ઈવેન્ટ
- ૪૭૯ સંસ્થાકીય કરાર
- ૪૭૦ સોશિયલ સેક્ટરમાં કરાર
- આવનારા ૫ વર્ષમાં ૬૪ હજાર નવી રોજગારીની તક
- વર્ષ ૨૦૧૫ સુધીમાં ૫૦૦૦ લાખ મેટ્રિક ટન માલ પરિવહન ક્ષમતા થવાની ધારણા
- શહેરી વિકાસ માટે ૨.૨૬ લાખ કરોડના રોકાણ સાથે ૬૫૫ પ્રોજેક્ટ
- ૧૨ હજાર કરોડના ૬ કંપનીઓના કરાર
- ૩૨૫૦૦ લોકોને ગિફ્ટ સીટી, ગાંધીનગરમાં રોજગારી મળશે
- સામાજિક ક્ષેત્રે ૨૦ હજાર કરોડના ૫૭ કરાર થયા
- ૧૯ સેવન સ્ટાર હોટલ બનશે

(પૂરક માહિતી : સંદેશ અને દિવ્ય ભાસ્કર)

# વીજ વિતરણ જ નહીં, સમાજના અન્ય ક્ષેત્રોમાં પણ યુજીવીસીએલનો મહત્ત્વપૂર્ણ ફાળો

દેશવિદેશના અનેક ડેલીગેટ્સ અને કોર્પોરેટ ઓફિસો તરફથી આવેલા ડેલીગેટ્સની વચ્ચે ઊર્જા ક્ષેત્ર પણ પાછળ નહોતું. રાષ્ટ્રને ઉજાળવાના ઇરાદા લઇ આવેલી ઊર્જા કંપનીઓમાં મહત્ત્વપૂર્ણ એમઓયુ યુજીવીસીએલ, જેટકો અને જીઆઇડીબી વચ્ચે થયા છે.

**એમઓયુ–૧ કોલમ્બિયા વોટર સેન્ટર**

ગુજરાત સરકારના વાઇબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૧ દરમિયાન યુજીવીસીએલ અને જેટકોએ કોલંબિયા વોટર સેન્ટર, એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ (ઇપીડી) અને યુજીવીસીએલ અને જેટકો તેમ જ જીઆઇડીબી વચ્ચે ત્રિપક્ષી એમઓયુ સાઇન થયા છે. આ એમઓયુનો મુખ્ય ઉદ્દેશ્ય છે કે ઊર્જા વિતરણ સુદ્રઢ બને, ઊર્જા અને પાણીની બચત કરી ખેડૂતોની આજિવિકાને સુધારવાનો પ્રયત્ન અને ધોલેરાના વિકાસમાં આવશ્યક વીજ પૂર્તિ કરવી.

ઉત્તર ગુજરાતના ખેતીના ક્ષેત્રમાં ઊર્જા અને ભૂગર્ભજળના સતત વધી રહેલા ઉપયોગની સમસ્યા ચિંતાજનક છે અને તેના લીધે અનેક સમસ્યા ઊભી થઇ શકે છે. એક રાષ્ટ્રીય અંદાજ પ્રમાણે ખેતી ક્ષેત્રે ઊર્જાનો ત્રણ ગણો વધુ ઉપયોગ થાય છે અને ભૂગર્ભ જળ સ્તર છેલ્લાં ૩૦ વર્ષોમાં ૮૦ મીટર નીચું ગયું છે. ભવિષ્યમાં સ્તર વધુ નીચે જશે તો ભૂગર્ભજળને ઉપર લાવવામાં વધુ ઊર્જાની આવશ્યકતા પડશે અને તેના લીધે વધુ ક્ષારત્વ પણ જોવા મળશે. આ સ્થિતિની દરેક ખેડૂત કલ્પના કરી શકે છે કારણ કે તે તેમના જીવનનો આધાર છે અને તે નકારાત્મક અસર કરી શકે છે. અનેક ખેડૂતો તેમને ઊર્જા માટે મળતી સબસિડીનો ઉપયોગ કરીને પણ પૂરતું આર્થિક ઉપાર્જન કરી શકતા નથી. સમયસર આ સમસ્યા પર ધ્યાન દેવામાં નહીં આવે તો ભવિષ્યમાં તે વધુ વણસવાની શક્યતા છે.

**વાઇબ્રન્ટ ગુજરાત સમીટ ૨૦૧૧ દરમિયાન પાવર સેક્ટરનો સિંહફાળો રહ્યો. યુજીવીસીએલ કંપની દ્વારા પણ ત્રણ મહત્ત્વપૂર્ણ એમઓયુ સાઇન કરવામાં આવ્યા છે**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ કંપનીએ હંમેશા પોતાનું કાર્યફલક વીજળીના વિતરણ પૂરતું સીમિત ન રાખતાં, રાજ્યના આર્થિક–સામાજિક વિકાસમાં યોગદાન પર ધ્યાન આપ્યું છે. એ જ કારણસર, ખેડૂતોની અને છેવટે રાજ્યની આર્થિક સમૃદ્ધિનો જેના પર આધાર છે, એવા આ પાણી–વીજળી અને આજીવિકાના મુદ્દા પર કંપનીએ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે.

આ માટે, યુજીવીસીએલ કંપનીએ ન્યૂયોર્ક ખાતેની કોલંબિયા યુનિવર્સિટીના કોલંબિયા વૉટર સેન્ટર–ઇન્ડિયાના સહયોગમાં, કંપનીના કૂકરવાડા સબ ડિવિઝનમાં, સંસાધનોની લાંબા ગાળાની ઉપલબ્ધિ કેળવીને ખેડૂતોની આવક વધારવા કે સુનિશ્ચિત કરવા અંગે એક પાયલોટ અભ્યાસ હાથ ધર્યો હતો.

આ અભ્યાસમાં, સરદાર કૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને કૃષિ અને સહકાર વિભાગ તથા ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની તથા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીનો પણ સહયોગ સાંપડ્યો.

આ અભ્યાસ ૨૦૦૮થી ૨૦૧૦ના બે વર્ષ દરમિયાન, બે તબક્કામાં કરવામાં આવ્યો.

આ બંને તબક્કાના અભ્યાસ હાલ પૂરા થઈ ગયા છે અને તેના આધારે સંભવિત ઉપાયોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. તેના આધારે, ઊર્જા અને પાણીની બચત માટે ખેડૂતોને પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો વિચારવામાં આવ્યા છે.

| સ્પોન્સરિંગ વિભાગ | સ્ટોર પરચેઝ સેક્શન (આર એન્ડ ડી સેલ) |
|---|---|
| વિષય | કોલંબિયા વોટર સેન્ટર (સીડબલ્યુસી) અને કોલંબિયા યુનિવર્સિટી વચ્ચે એમઓયુ સાઇન થયું છે જેમાં ઊર્જા અને પાણીની બચત કરી ખેડૂતોની આજિવિકાને વધારવા અને તે સતત રહે તે માટે ઇન્સેન્ટિવ સ્કીમ અને સ્ટ્રેટેજી તૈયાર કરવાનું કાર્ય સામેલ છે. |
| રેફરન્સ | ૧. કોલંબિયા વોટર સેન્ટર (સીડબલ્યુસી) તરફથી સુધારેલો પ્રસ્તાવ અને વિસ્તૃત પ્રોજેક્ટ રીપોર્ટ<br>૨. ગુજરાત સરકારનો પત્ર નં.જીયુવી–૧૦૨૦૦૯–૨૧૨૭–ખ–૧ તારીખ ૨૮ ડિસેમ્બર ૨૦૧૦. |
| નાણાકીય સૂચિતાર્થ | પ્રોજેક્ટમાં યુજીવીસીએલનો ફાળો – ૦.૮૦ કરોડ<br>પ્રોજેક્ટમાં સીડબલ્યુસીનો ફાળો – ૨.૩૦ કરોડ |

## એમઓયુ-૨ એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ

ઔદ્યોગિક વિકાસમાં વીજ વપરાશમાં વધારો થયો છે જે વિસ્તાર યુજીવીસીએલ અંતર્ગત આવે છે. વીજ વિતરણ નેટવર્કને વધુ મજબૂત બનાવવા મોટા પ્રમાણમાં માળખાની આવશ્યકતા હોય છે. નવીનતમ સિસ્ટમ દાખલ કરી ગ્રાહકોને સંતોષ થાય તે રીતે ગુણવત્તાવાળું વીજ વિતરણ થવું જોઇએ. ગુજરાત સરકારની સહાયતાથી માળખાના વિકાસ અને વીજ વિતરણમાં સુધારો લાવવા, આવનારા બે વર્ષોમાં એટલે કે ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ દરમિયાન અંદાજિત ૧૧૨૦.૦૦ કરોડનો ખર્ચ થાય તેવી શક્યતા છે.

આ ઉપરાંત કંપનીના ગ્રાહકોને ગુણવત્તાવાળું નવીનતમ સિસ્ટમવાળું વીજ વિતરણ મળી શકે તે માટે પહેલા પ્રોજેક્ટમાં ૬૧૦.૦૦ કરોડના ખર્ચે માળખાનો વિકાસ અને સુધાર કરવો જરૂરી છે. આ માટે યુજીવીસીએલને ગુજરાત સરકાર તરફથી સક્રિય સહાયતાની જરૂર પડશે તેથી ગુજરાત સરકારના વાઇબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૧૧ દરમિયાન યુજીવીસીએલ અને એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ વચ્ચે એમઓયુ સાઇન કરવામાં આવ્યું છે. આ જ રીતે બીજા પ્રોજેક્ટમાં ૫૧૦.૦૦ કરોડના ખર્ચે માળખાનો વિકાસ અને સુધાર કરવા માટે બીજું એમઓયુ સાઇન થયું છે.

| સ્પોન્સરિંગ વિભાગ | વિતરણ વિભાગ, યુજીવીસીએલ |
|---|---|
| વિષય | નવીનતમ સીસ્ટમ તૈયાર કરી વીજળી વિતરણ નેટવર્કને વધુ મજબૂત બનાવવા માટે એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ (ઇપીડી) અને ગુજરાત સરકારની વચ્ચે એમઓયુ સાઇન થયા. |
| રેફરન્સ | યુજીવીસીએલ-એમડી-૫૦૨-તા.૧૦-જાન્યુઆરી-૨૦૧૧ |
| નાણાકીય સૂચિતાર્થ | પ્રોજેક્ટ માટે યુજીવીસીએલનો સીએપીઇએક્સ અંતર્ગત ફાળો ૧૧૨૦.૦૦ કરોડ |

બોર્ડના સભ્યોએ ગુજરાત સરકારના એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ સાથે નિર્ધારિત થયેલા કાર્યક્રમને લાગુ કરવા માટે સરકાર સાથે સતત સંકલન સાધવું પડશે. પ્રોજેક્ટના દસ્તાવેજ બનાવવાને લગતી સામગ્રી જેવી કે સહમતીપત્ર, બાંયધરી, અરજી, વળતર, પેપર્સ અને રસીદો મેનેજિંગ ડિરેક્ટરના હસ્તાક્ષર સાથે પૂર્ણ થશે.



## એમઓયુ-૩ ધોલેરા -SIR

સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજન (એસઆઇઆર) ધોલેરામાં એરપોર્ટ બનાવવાના આયોજન સાથે જે રીતે ધોલેરામાં વિકાસ થઇ રહ્યો છે તે જોતાં આવનારા ૧૦ વર્ષોમાં ધોલેરા રીજન માટે અંદાજિત ૧૭૦૦ મેગાવોટ વીજ ઉત્પાદનની જરૂરિયાત હશે. આ વિસ્તાર પૂર્ણ રીતે ઔદ્યોગિક, વ્યાવસાયિક અને રહેણાંકમાં આવરી લેવાશે. તેથી અહીં વીજવિતરણ મહત્ત્વપૂર્ણ બનશે.

આ વિસ્તાર યુજીવીસીએલ કંપનીના કાર્યક્ષેત્રમાં આવે છે અને કંપનીએ અહીંની ભાવિ વીજમાગને પહોંચી વળવા માટે પૂરતું આયોજન કર્યું છે. આ માટે ધોલેરા રીજનના વિવિધ ડેવલપર્સ અને યુજીવીસીએલ વચ્ચે પરસ્પર સમજ કેળવવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે.

| સ્પોન્સરિંગ વિભાગ | વિતરણ વિભાગ, યુજીવીસીએલ |
|---|---|
| વિષય | ધોલેરા (સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજન)માં વીજ વિતરણ અને ટ્રાન્સમિશન નેટવર્કને મજબૂત બનાવવા ત્રીપક્ષી એમઓયુ યુજીવીસીએલ અને જેટકો તેમ જ જીઆઇડીબી વચ્ચે સાઇન થયા છે. |
| રેફરન્સ | યુજીવીસીએલ-એમડી-૫૦૨-તા.૧૦,જાન્યુઆરી ૨૦૧૧ |
| નાણાકીય સૂચિતાર્થ | યુજીવીસીએલનો પ્રોજેક્ટ માટે સીએપીઇએક્સ અંતર્ગત ૨૫૦૦ કરોડનો ફાળો હશે |

વીજ વિતરણ સિસ્ટમ સાથે ટ્રાન્સમિશન સિસ્ટમ અને નેટવર્ક શરૂ કરવાની પણ જરૂરને ધ્યાને લઈને જીઆઇડીબી, યુજીવીસીએલ અને જેટકો વચ્ચે ૫૦૦૦ કરોડના મૂડીરોકાણ સાથે ધોલેરામાં વીજવિતરણના ટ્રાન્સમિશન નેટવર્કને આધુનિક અને સક્ષમ બનાવવા માટે ત્રિપક્ષી એમઓયુ સાઇન કરવામાં આવ્યું છે.

# યુજીવીસીએલ માટે કાર્યરત પોલીસ અધિકારી રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનિત



**વીજ ગેરરીતિઓ ડામવા માટે ગેરરીતિ કરતા ગ્રાહકો તરફથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહીં તેની તકેદારી રાખવા યુજીવીસીએલને એક અલગ પોલીસ સ્ટેશન ફાળવ્યું છે**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુજીવીસીએલ) દ્વારા વીજ ગેરરીતિઓ ડામવા માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવતા હોય છે તેવા સમયે ગેરરીતિ કરતા ગ્રાહકો તરફથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહીં તેની તકેદારી રાખવા માટે યુજીવીસીએલને એક અલગ પોલીસ સ્ટેશન ફાળવવામાં આવ્યું છે, જે સાબરમતી વર્તુળ ખાતે કાર્યરત રહીને કંપનીનાં તમામ વર્તુળોમાં ફરજ બજાવે છે. આ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર તથા ઈન્ચાર્જ ડેપ્યુટી એસ.પી. (સિક્યુરિટી) તરીકે ફરજ બજાવતા શ્રી કંદર્પ એસ. ત્રિવેદીને પ્રશંસનીય કામગીરી માટે રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત થયો છે. શ્રી ત્રિવેદીને આ ચંદ્રક ૨૬ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ અર્પણ કરાયો હતો.

ગૌરવની વાત એ છે કે સંનિષ્ઠ પોલીસ અધિકારી શ્રી ત્રિવેદીએ તેમની યશસ્વી કારકિર્દી દરમિયાન કુલ ૪૪૪ ઈનામો મળ્યા છે.

વણઉકેલાયેલા ગુનાની તપાસ ટીમમાં પણ તેઓની નિમણૂક વારંવાર થઇ હતી જેમાં તેઓએ અનેક ગુનાઓ ઉકેલ્યા હતા તેમ જ ખૂન, લૂંટફાટ વગેરે ગંભીર ગુનાઓમાં આરોપીઓને પકડી જન્મટીપ સુધીની સજાઓ કરાવી હતી. તેઓએ કોમી તનાવ સમયે ગુનેગારો પાસેથી મોટા પ્રમાણમાં હથિયાર તેમ જ બોમ્બ પકડી પ્રશંસનીય કામગીરી બજાવી હતી. એક બનાવમાં, તેમના પર ટાડાના એક આરોપીએ ફાયરીંગ કર્યુ હતું, પરંતુ તેમણે ટાડાના આરોપીને લોડેડ હથિયાર સાથે પકડી લીધા હતા.

તેમણે નારકોટિક્સ ડ્રગ્સ (અફીણ, હેરોઈન, ગાંજો) વગેરે મોટા પ્રમાણમાં પકડી ડ્રગ્સ હેરાફેરી કરતી ગેંગને જેલમાં મોકલી હતી.

ગુજરાતના વીજકંપનીના પાંચ પોલીસ સ્ટેશન માં તેઓની કામગીરી પ્રશંસનીય રહી છે.

શ્રી ત્રિવેદીને રાષ્ટ્રપતિ ચંદ્રકનું સન્માન મેળવવા બદલ હાર્દિક અભિનંદન. ■



## ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ દ્વારા મહેસાણામાં એન્જિનિયરિંગ કોલેજનું ભૂમિપૂજન

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ દ્વારા મહેસાણા જિલાના મેવડ ગામે એક સેમી ફાઈનાન્સ્ડ ડીગ્રી એન્જિનીયરિંગ કૉલેજનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. ખાતમૂહુર્ત અને ભૂમિપૂજન વિધિ પ્રોફેસર શ્રી એન. આર. દવેના શુભ હસ્તે કરવામાં આવી હતી.

શ્રી દવે ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર રહી ચૂક્યા છે અને હાલમાં તેઓ ગણપત યુનિવર્સિટીના સલાહકાર અને પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના શૈક્ષણિક સલાહકાર છે. તેઓ ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ સ્થાપિત સોસાયટી, ગુજરાત પાવર એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનના મેમ્બર છે.

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડના જનરલ મેનેજર શ્રી વાય. સી. પોતદાર, કંપની સચિવશ્રી નયન ચોક્સી, સિનિયર એક્ઝિક્યુટિવ (પાવર) શ્રી રાજેન્દ્ર મિસ્ત્રી તથા અન્ય ઉચ્ચ અધિકારીગણ ઉપરાંત તમામ કર્મચારીઓએ આ પ્રસંગે હાજરી આપી હતી. શ્રી પોતદાર ગુજરાર પાવર કોર્પોરેશન લિમિટેડ સ્થાપિત સોસાયટી, ગુજરાત પાવર એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનના મેમ્બર છે. શ્રી ચોક્સી ફાઉન્ડેશનના મેમ્બર સેક્રેટરી છે તથા શ્રી મિસ્ત્રી ફાઉન્ડેશનના ટ્રેઝરર છે.

ગુજરાત પાવર એન્જિનિયરીંગ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ નામે સ્થપાઈ રહેલી આ કોલેજ માટે ગુજરાત સરકાર દ્વારા ૨૫ એકર જમીન આપવામાં આવી છે. કોલેજમાં સિવિલ, મિકેનિકલ, કમ્પ્યુટર અને ઈલેક્ટ્રિકલ શાખાઓ હશે, જેમાં દરેક શાખામાં ૬૦ બેઠક રહેશે. દરેક શાખામાં એડમિશન ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના મેરીટ નિયમોના આધારે મળશે.

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ દ્વારા નિર્માણ પામી રહેલ આ કોલેજને ડિરેક્ટર ઑફ ટેક્નીકલ એજ્યુકેશન, ગુજરાત સરકાર દ્વારા પરવાનગી પણ મેળેલ છે. રૂ. ૪૫ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલ આ કોલેજ માટે ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ દ્વારા રૂ. ૧૦ કરોડની સહાય મળી છે.

ભૂમિપૂજન દરમિયાન યુજીવીસીએલના જનરલ મેનેજર (ફાયનાન્સ) શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, મહેસાણા સર્કલના અધિક્ષક ઈજનેર શ્રીમતિ છાયાબેન દેસાઈ તેમ જ મેવડ ગામના સરપંચ ચૌધરી અલ્પેશભાઈ ગોકળભાઈ તથા શ્રી ચૌધરી ગોવિંદભાઈ કાનજીભાઈ, શ્રી ચૌધરી નાનજીભાઈ રામજીભાઈ, શ્રી ચૌધરી શિવરામજીભાઈ અભેરાજભાઈ, શ્રી ચૌધરી માનસિંહભાઈ ગોવિંદભાઈ વગેરેએ પણ હાજરી આપી હતી.

# ઈન્ટર કંપની સંગીત અને નાટ્ય સ્પર્ધામાં યુજીવીસીએલના કર્મચારીઓ ઝળકયા






તા. ૧૭/૦૧/૨૦૧૧ના રોજ સાર્વજનિક વિદ્યાલયના કમળાબા હોલ, મહેસાણા ખાતે કોર્પોરેટ ઓફિસ દ્વારા ઈન્ટર સર્કલ સંગીત અને નાટ્ય સ્પર્ધાનું આયોજન વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારી તથા આઈ. આર.ઓ. શ્રી એસ. વાય.ડામોરની હાજરીમાં કરવામાં આવેલ. જેમાં નાટ્ય તથા સંગીતમાં સામે મુજબના કર્મચારીઓની પસંદગી કરવામાં આવેલ. જેમાં તા.૨૨ થી ૨૪ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન હસ્તકના વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનમાં યોજાયેલ ઈન્ટર કંપની સંગીત સ્પર્ધાની ઈન્સ્ટ્રુમેન્ટલ કેટેગરીમાં સાબરમતી વિભાગીય કચેરી ખાતે ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ (એકાઉન્ટન્ટ) તરીકે ફરજ બજાવતા શ્રી ડી.એમ.જોષીએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ. જ્યારે નાટક સ્પર્ધામાં નિર્ણાયકોના સૂચનને ધ્યાનમાં લઈને બેસ્ટ કોસ્ચ્યુમ અંગેનું ઈનામ પ્રાપ્ત કરી ઉત્તર ગુજરાત વીજ કંપનીને સ્પર્ધકોએ ગૌરવ અપાવેલ.

**‘નર કેસરીની સિંહ ગર્જના’ નાટય સ્પર્ધાના સ્પર્ધકોના નામ**

| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| ૧ | એચ.એમ.પટેલ, જુ.આસી. | પાટણ સીટી-૨ |
| ૨ | વી.પી.સાધુ, સી.આસી. | રણુંજ સ.ડિ. |
| ૩ | કે.કે.રામી, નાયક અધિક્ષક | વિસનગર વિ.ક. |
| ૪ | એમ. કે. સોલંકી, જુ.આસી. | પાટણ સીટી-૧ |
| ૫ | એ.એ.પટેલ, જુ.આસી. (વીએસ) | પાટણ વિ.ક. |
| ૬ | જે.આઈ.પટેલ, જુ.આસી. (વીએસ) | હારીજ સ.ડિ. |
| ૭ | વી.કે.મકવાણા, જુ.આસી. | પાટણ વિ.ક. |
| ૮ | વી.એલ.લીબાચીયા, હેલ્પર | પાટણ સીટી-૨ |
| ૯ | કે.વી.ભુરીયા, લાઈલમેન | પાટણ સીટી-૨ |
| ૧૦ | આર.એ.મોદી, સી.આસી. | પાટણ સીટી-૨ |





D M JOSHI
DY.S.A UGVCL
SABARMATI

**સંગીત સ્પર્ધાના સ્પર્ધકોના નામ**

| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ | કાર્યક્રમનો પ્રકાર | કૃતિ |
|---|---|---|---|---|
| ૧ | જશુભાઈ બરોટ, સી.આસી. | સિદ્ધપુર, સબ-ડિવિઝન | ભજન | ચાલોને વિદુર ઘેર જઈએ... |
| ૨ | આર.એચ.બ્રહ્મભટ્ટ, રાધનપુર સી.આસી. | ગઝલ, ડિવિઝન. | | તારી આંખનો અફીણી... |
| ૩ | ડી.એમ.જોષી, ડે.સુપ્રિ.(એકા) | સાબરમતી, વિભાગીય કચેરી | વાદ્ય સંગીત | રાગ-ભુપાલી |
| ૪ | (૧) જ્યોત્સનાબેન, રાઠોડ, સી.આસી.<br>(૨) રંજનબેન મજમુદાર, સી.આસી.<br>(૩) મીતાબેન ભટ્ટ, સી. આસી.<br>(૪) એ.પી. રાણા, જુ.આસી.<br>(૫) જશુભાઈ બારોટ, સી. આસી.<br>(૬) એચ.ડી. આચાર્ય, લાઇનમેન | કોર્પોરેટ ઓફીસ<br>વિભાગીય કચેરી, મહેસાણા<br>કોર્પોરેટ ઓફિસ, મહેસાણા<br>હાઇવે સ.ડિ., મહેસાણા<br>સિદ્ધપુર સ.ડિ.<br>ચાંગોદર સ.ડિ. | બેઠો રાસ | કૃષ્ણ ભગવાન ચાલ્યા... |
| ૫ | (૧) જશુભાઈ બારોટ, સી.આસી.<br>(૨) રંજનબેન મજમુદાર, સી.આસી.<br>(૩) એસ.કે.ઠાકોર, ડે.સુપ્રી. એકા.<br>(૪) એ.પી. રાણા, જુ.આસી.<br>(૫) જ્યોત્સનાબેન રાઠોડ, સી.આસી.<br>(૬) આર.એચ. બ્રહ્મભટ્ટ, સી.આસી. | સિદ્ધપુર સ.ડિ.<br>વિભાગીય કચેરી, મહેસાણા<br>રાધનપુર ડિવિઝન<br>હાઇવે સ.ડિ., મહેસાણા<br>મહેસાણા ઓફિસ<br>રાધનપુર ડિવિઝન | સમૂહ ગીત | હો રાજ મને લાગ્યો<br>કસુંબીનો રંગ |

# રોમાંચક બની ઈન્ટર કંપની વૉલીબૉલ ટુર્નામેન્ટ : દક્ષિણ ગુજરાત વીજ કંપની ચેમ્પિયન




ઉત્તર ગુજરાત વીજ કંપની રનર્સ–અપ



ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા દ્વારા તાબા હેઠળની તમામ વીજ કંપનીઓના કર્મચારીઓ પોતાના કાર્યકાળ દરમિયાન ઓફિસના કામમાંથી થોડી મોકળાશ મેળવી રિફ્રેશ થઇ શકે તેમ જ ત્યાર બાદ પોતાની કામગીરી વધુ ઉત્સાહભેર રીતે કરી શકે તેવા ઉદ્દેશ્યથી રમતગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરી કર્મચારીઓના ઉત્સાહને વધારવાનું કામ સતત કરે છે. વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન કરવામાં આવેલ જોગવાઇના ભાગરૂપે ઉત્તર ગુજરાત વીજ કંપનીને ઇન્ટર કંપની વૉલીબૉલ ટુર્નામેન્ટ માટે યજમાન બનાવવામાં આવેલ. અગાઉ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ચેસ, ટેબલ ટેનિસ, કેરમ, ક્રિકેટ ટુર્નામેન્ટના સફળ આયોજનો હાથ ધરવામાં આવેલ. તા.૮ અને ૯ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલિત અંબાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કુંભારિયાજીના પટાંગણમાં રમાડવામાં આવેલી આ ટુર્નામેન્ટમાં અત્યંત રોમાંચક મેચોને અંતે ફાઇનલમાં પ્રવેશેલ ડીજીવીસીએલ અને યુજીવીસીએલની ટીમ પૈકી ડીજીવીસીએલની ટીમે યુજીવીસીએલની ટીમને પરાજય આપી ઇન્ટર કંપની વૉલીબૉલ ટુર્નામેન્ટ જીતી લીધી હતી. જ્યારે યુજીવીસીએલ ટીમ રનર્સ-અપ બનેલ છે.



ગુજરાત વિદ્યુત બોર્ડ તથા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ભૂતકાળમાં આયોજિત વૉલીબૉલ ટુર્નામેનેટ પૈકીની ટુર્નામેન્ટો પૈકીની આ ટુર્નામેન્ટ તેની તમામ મેચોમાં થયેલ રસાકસી માટે હંમેશાં યાદ રહેશે. તમામ મેચો તેના છેલ્લા સેટ સુધી રોમાંચક રહેલ. ક્યારે કઇ ટીમ મેચ જીતી જશે તેમ કલ્પવું મુશ્કેલ સાબિત થતું હતું.

આ ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં પધારેલ આમંત્રિત મહેમાનોમાં ડેપ્યુટી કલેક્ટર તથા અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર શ્રી જી. એલ. પટેલ, નાયબ મહાપ્રબંધક (એચઆર, જીયુવીએનએલ) શ્રી એમ. એ. શેખ, પાલનપુરના અધિક્ષક ઇજનેર શ્રી ડી. એસ. પટેલ, આર્ટ્સ અને કોમર્સ કોલેજ, અંબાજીના આચાર્ય શ્રી વી. કે. વૈષ્ણવ, અંબાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કેમ્પસ ડિરેક્ટર શ્રી કુશવાહ સાહેબ, ઔદ્યોગિક સંબંધક અધિકારી શ્રી એસ. વાય ડામોર, પાલનપુર-૨ના કાર્યપાલક ઇજનેર શ્રી જે. એમ. મોચી પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી એસ. વાય. ડામોરે પધારેલા મહાનુભવોનું, વિવિધ કંપનીઓમાંથી આવેલા ખેલાડીઓ, રેફ્રીઓ અને પસંદગીકારોનું ફુલ-હારથી સ્વાગત કર્યું હતું. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરાના નાયબ મહાપ્રબંધક (એચઆર) શ્રી એમ.એ. શેખે તેમના પ્રાસંગિક પ્રવચનમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા આયોજિત કરવામાં આવેલ વિવિધ રમતગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંગેનો ચિતાર આપ્યો હતો. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા યોજવામાં આવેલા ખેલ મહાકુંભમાં વિવિધ

**દક્ષિણ ગુજરાત વીજ કંપનીની ચેમ્પિયન ટીમ**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | નોકરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એસ. સી. પરમાર | સિનિયર આસિસ્ટન્ટ | ગોડાદરા સબ ડિવિઝન |
| ૨. | શ્રી એન. એસ પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | નવસારી સબ ડિવિઝન |
| ૩. | શ્રી આર. એમ. વસાવા | જુનિયર આસિસ્ટન્ટ | સારોલી સબ ડિવિઝન |
| ૪. | શ્રી ઇ. બી. ગામીત | સિનિયર આસિસ્ટન્ટ | પીપલોદ સબ ડિવિઝન |
| ૫. | શ્રી એસ. જે. ટંડેલ | જુનિયર આસિસ્ટન્ટ | વલસાડ સબ ડિવિઝન |
| ૬. | શ્રી. જી. એમ. બારોટ | જુનિયર આસિસ્ટન્ટ | રાજપારડી સબ ડિવિઝન |
| ૭. | શ્રી એસ. પી. પવાર | હેલ્પર | સાયન સબ ડિવિઝન |
| ૮. | શ્રી એ. જી. ટંડેલ | જુનિયર આસિસ્ટન્ટ | વલસાડ સબ ડિવિઝન |
| ૯. | શ્રી ગિરીશ જે. ચાવડા | હેલ્પર | કામરેજ (રૂ) સબ ડિવિઝન |



કર્મચારીઓ તથા તેમના બાળકો દ્વારા કરવામાં આવેલા નોંધપાત્ર દેખાવની વિગતો આપી હતી. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા દર વર્ષે રમગગમતની ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવે છે તેની ખાસ નોંધ લીધી હતી. તેમણે વધુમાં તમામ ખેલાડીઓને આપવામાં આવેલી રહેવા, જમવા અને રમવાની ઉત્તમ સગવડો માટે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. ટુર્નામેન્ટમાં હાજર રહેલા તમામ ખેલાડીઓને સફળ થવા માટે શુભેચ્છા પાઠવી હતી. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના વૉલીબૉલ ટીમના સભ્ય તરીકે તેઓ પણ રમ્યા હતા. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય શ્રી વી. કે. વૈષ્ણવે પોતાના ઉદ્બોધનમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા રમાડવામાં આવતી વિવિધ રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો અંગે આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને એવી ખાતરી પણ આપી હતી કે તેમની સંસ્થા આ પ્રકારના કાર્યક્રમોમાં હંમેશાં સહયોગ આપશે.

આ ટુર્નામેન્ટમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ અને ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડના કુલ ૭૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લઇને ટુર્નામેન્ટને સફળ બનાવવા સ્પોર્ટ્સમેન સ્પિરિટ દેખાડી આયોજનમાં સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. આ ટુર્નામેન્ટમાં રેફી તરીકે શ્રી દેવાંગ પંડ્યા, શ્રી પ્રવિણભાઇ ચૌધરી, શ્રી શ્યામ સુંદર ચૌહાણ તથા શ્રી વિપુલભાઇ એચ. પટેલે ફરજ બજાવી હતી.

તા. ૦૯-૦૧-૧૧ના રોજ ફાઇનલ મેચ પૂર્ણ થતાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટેની વોલીબોલ ટુર્નામેન્ટ માટેના ખેલાડીઓની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે સિલેક્ટર શ્રી કે. એસ. ઠાકોર, શ્રી જી. ટી. ઝાલા અને શ્રી એ. એ. મલાવતે ફરજ બજાવી હતી. ઉપસ્થિત ખેલાડીઓમાંથી ઉપર જણાવેલા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં કંપનીના ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારીએ હાજર રહીને તમામ ખેલાડીઓમાં ઉત્સાહ પૂર્યો હતો. ચેમ્પિયન ટીમના કેપ્ટન તથા તમામ ખેલાડીઓને ટ્રોફી અને ટીશર્ટ એનાયત કરવામા આવ્યાં હતા. શ્રી એસ. વાય ડામોરે રનર્સ અપ થયેલી ટીમના ખેલાડીઓને ટ્રોફી અને ટી શર્ટ એનાયત કર્યાં હતાં. શ્રી સ્નેહલ જોશી દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. ■

### રનર્સ-અપ ઉત્તર ગુજરાત વીજ કંપનીની ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | નોકરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી વાય. એસ. રાવલ | જુનિયર ઇજનેર | રાધનપુર ડિવિઝન |
| ૨ | શ્રી ડી. જે. ફેરા | હેલ્પર | પાલનપુર સર્કલ |
| ૩ | શ્રી વી. એચ. અંસારી | સહાયક સચિવ | હિંમતનગર સર્કલ |
| ૪ | શ્રી એચ. આર. નીનામા | હેલ્પર | હિંમતનગર સર્કલ |
| ૫ | શ્રી કે. જે. કલાસ્વા | હેલ્પર | મહેસાણા ઇન્ડ. સબડિવિઝન |
| ૬ | શ્રી આઇ. જે. ગામેતી | હેલ્પર | મહેસાણા સર્કલ |
| ૭ | શ્રી બી. જી. તરાલ | હેલ્પર | મહેસાણા સર્કલ |
| ૮ | શ્રી પી. એચ. અસારી | હેલ્પર | મહેસાણા સર્કલ |
| ૯ | શ્રી એસ. વાય. ડામોર | આઇ. આર. ઓ. | મહેસાણા કોર્પોરેટ |
| ૧૦ | શ્રી એ. એસ. અસોડા | લાઇનમેન | હિંમતનગર સર્કલ |

### ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડની વોલીબોલ ટુર્નામેન્ટ માટે પસંદ થયેલ ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | નોકરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એસ. સી. પરમાર | સિનિયર આસિસ્ટન્ટ | ગોડાદરા સબડિવિઝન |
| ૨ | શ્રી એન. એસ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | નવસારી સબડિવિઝન |
| ૩ | શ્રી આર. એમ. વસાવા | જુનિયર આસિસ્ટન્ટ | સારોલી સબડિવિઝન |
| ૪ | શ્રી જી. એમ. બારોટ | જુનિયર આસિસ્ટન્ટ | રાજપારડી સબડિવિઝન |
| ૫ | શ્રી વાય. એસ. રાવલ | જુનિયર ઇજનેર | રાધનપુર ડિવિઝન |
| ૬ | શ્રી આર. જે. મહેસુરિયા | પી. એ. (૧) | ઉકાઇ ટીપીએસ |
| ૭ | શ્રી દીપેશ આર. પટેલ | હેલ્પર | ઉકાઇ ટીપીએસ |
| ૮ | શ્રી યુ. એ. મલિક | જુનિયર આસિસ્ટન્ટ | વણાકબોરી ટીપીએસ |
| ૯ | શ્રી આર. આર. સિંઘ | જુનિયર ઇજનેર (વીએસ) | સમા સબડિવિઝન, બરોડા |
| ૧૦ | શ્રી સી. એલ. પાંડોર | એક્ઝિક્યુટિવ ઇજનેર (આઇટી) | એમજીવીસીએલ, બરોડા |

### સ્ટેન્ડ બાય ખેલાડી

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | નોકરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી વાય. કે. ટંડેલ | જુનિયર આસિસ્ટન્ટ | ટીઆ. સીઓ. કીમ, જેટકો |
| ૨ | શ્રી પરિમલ પટેલ | જુનિયર ઇજનેર | ઉકાઇ, જીસેક |
| ૩ | શ્રી કે. જે. કલાસ્વા | હેલ્પર | મહેસાણા (ઇન્ડ)સબડિવિઝન |
| ૪ | શ્રી અફઝલ ચૌહાણ | હેલ્પર | સાવરકુંડલા (ટી)સબડિવિઝન |
| ૫ | શ્રી ડી. જે. ફેરા | હેલ્પર | પાલનપુર સર્કલ |

# વાચકોના અભિપ્રાય...




હું અમદાવાદમાં સરકારી શાળામાં એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર છું. અમારી શાળામાં યુજીવીસીએલ તરફથી વીજળી સપ્લાય થાય છે. મને એ વાતની ખુશી છે કે યુજીવીસીએલ પોતાના અનેક કાર્યક્રમોમાં શાળાના બાળકોને સામેલ કરે છે. શાળાના બાળકો આવતી કાલના નેતા છે અને તેમનો સાચા અર્થમાં સારો ઉછેર થાય અને દરેક કાર્યમાં તેમને સાથે રાખવામાં આવે તો આપણા દેશની પ્રગતિમાં તેમનું સારું યોગદાન હશે અને દેશની પ્રગતિને આખા વિશ્વમાં ફેલાશે. યુજીવીસીએલનું મેગેઝિન શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડે છે અને કંપનીએ આ પ્રકારની હરિફાઈઓ વારંવાર યોજવી જોઈએ.

**–કરણસિંહ દરબાર, અમદાવાદ**

હું પાલનપુરની આઈટીઆઈમાં પ્રોફેસર છું. યુજીવીસીએલ દ્વારા શાળાના બાળકોને માટે યોજાનારી વિવિધ પ્રવૃત્તિથી હું ખૂબ પ્રભાવિત છું. તેઓની વક્તૃત્વ સ્પર્ધા, ડ્રોઈંગ હરિફાઈ, સ્લોગન કોમ્પિટીશન જેવી પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓને સારું પ્રોત્સાહન મળે છે. આ હરિફાઈઓમાંથી પસંદ થયેલા વિદ્યાર્થીઓને સેમી-ફાઈનલ અને ફાઈનલ હરિફાઈઓ માટે મહેસાણાની કોર્પોરેટ ઓફિસમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. મહેસાણાના કાર્યક્રમમાં વિજેતાઓને ઈનામ પણ આપવામાં આવ્યા હતા. આથી વિદ્યાર્થીઓના નૈતિક મૂલ્યોમાં વધારો થાય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓને મેગેઝિનમાં વિદ્યાર્થીના ફોટા સાથે છાપવાથી પણ તેમને સારું પ્રોત્સાહન મળી રહે છે. ગુડ જોબ.

**–રસિકલાલ**

હું અમદાવાદના બોપલ વિસ્તારમાં રહું છું. મેં આપનું ઈ-મેગેઝિન જોયું અને વાંચ્યું તે ખૂબ રસપ્રદ છે. મારો અભિપ્રાય છે કે આ પ્રકારની ઈવેન્ટના વધુ ફોટા જોવા મળે તો સારું. વધુ પડતી માહિતીથી મેગેઝિન ભારે ભરખમ ન થાય તે જોજો.

**–બ્રિજમોહન જોશી, અમદાવાદ**

હું ઈન્ડિયન એરફોર્સનો રીટાયર્ડ ઓફિસર છું. હાલમાં ગોતામાં મારા નવા ઘરમાં રહું છું. અહીં વીજળીનો સપ્લાય યુજીવીસીએલ તરફથી આપવામાં આવે છે.

એક જાગૃત ગ્રાહક હોવાથી મને ફરિયાદ ક્યાં કરવી તે શોધવા માટે મેં કંપનીની વેબસાઈટ સર્ફ કરી. મને વેબસાઈટ પર મૂકેલું મેગેઝિન ખૂબ ગમ્યું. મેગેઝિન કંપનીની પ્રવૃત્તિ વિશે રસપ્રદ જાણકારી આપે છે તે વાંચી આનંદ થયો.

**–શ્રી વી. કે. ગુપ્તા, અમદાવાદ**

# યુરોપિયન કમિશન દ્વારા એનર્જી પ્રોજેક્ટ્સ

યુરોપિયન કમિશને ૫૮ મિલિયન કરોડ પાઉન્ડ ફાળવીને ઇન્ટેલિજન્ટ એનર્જી કાર્યક્રમ શરૂ કર્યો છે જેમાં રીન્યુએબલ એનર્જી બચાવવા અને એનર્જી એફિશ્યન્ટ ટેક્નોલોજી બનાવવાના કાર્યક્રમો થશે.

પ્રોજેક્ટ માટે ૩૪૯ પ્રસ્તાવ આવ્યા હતા તેમાંથી ૪૪ પ્રોજેક્ટ પસંદ કરવામાં આવ્યા છે. લગભગ આવતા માર્ચ સુધીમાં આમાંનો એક પ્રોજેક્ટ શરૂ થઇ જશે.



પ્રોજેક્ટ દ્વારા સૌ પ્રથમ ટાઇડલ સ્ટ્રીમ એનર્જી જનરેશન માટેની ટેક્નોલોજીને સુધારીને એનર્જી એફિશિયન્ટ બનાવવામાં આવશે જે વધુ કરીને સામાન લાવવા લઇ જવા માટે ઉપયોગી હોય છે.

બાયોમાસ અને બાયોવેસ્ટને ઉપયોગમાં લેવાશે જેમ કે અર્બન બાયોગેસ પ્રોજેક્ટ યુરોપિયન શહેરોમાં લાવવામાં આવશે જે અર્બન વેસ્ટમાંથી બાયોમીથેન ગેસ તૈયાર કરવામાં આવશે જે નેચરલ ગેસ તરીકે ઘરમાં અને ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં વાપરવામાં આવશે. વેસ્ટમાંથી બાયોમીથેન બનાવવાના પ્રોજેક્ટ માટે પાર્ટનરો માને છે કે લગભગ ૧૭ મિલિયન પાઉન્ડનું રોકાણ કરી શકશે.

યુરો ટોપ ટેન મેક્સ પ્રોજેક્ટનું ધ્યેય છે કે ૧૯ રાષ્ટ્રીય વેબસાઇટ બનાવવી જેમાં ગ્રાહકો માટે કઇ એનર્જી એફિશિયન્ટ પ્રોડક્ટ છે અને કયા ઉપકરણની સેવાઓ સારી છે તે વિશે જણાવશે. ■

# સૌર ઊર્જાથી મોબાઇલ પણ ચાર્જ થઇ શકશે



જાપાનની કંપની કે.ડી.ડી.આઇએ એવો મોબાઇલ ફોન બનાવ્યો છે જે સૂર્યના તાપથી ચાર્જ થઇ શકશે. હાલમાં કંપનીએ મોબાઇલનો ફોટો તૈયાર કર્યો છે. આ મોબાઇલને તાપમાં ૧૦ મિનિટ રાખવાથી ઓછામાં ઓછી તમે ૧ મિનિટ સુધી વાત કરી શકો તેટલી બેટરી ચાર્જ થઇ જશે. સૂર્યના કિરણો દ્વારા આ મોબાઇલની બેટરી ૮૦ ટકા જેટલી ચાર્જ કરી શકાશે. હાલમાં આ મોબાઇલની કિંમત નક્કી કરવામાં આવી નથી. ■

# ૨૦૧૧માં ભારતની કારોમાં એનર્જી એફિશિયન્સી માટે સ્ટાર રેટિંગ

વર્ષ ૨૦૧૧ સુધીમાં ભારતના કાર માલિકોને ખબર પડી જશે કે તેમની બનેલી કાર કેટલી ઇકો-ફ્રેન્ડલી છે. ભારત સરકાર હવે ઓટોમોબાઇલ સેક્ટરમાં પણ ફ્યુઅલ એફિશિયન્સીના કડક નિયમો બનાવ્યા છે અને તેના પ્રમાણે સ્ટાર લેબલિંગ કરવામાં આવશે.

પાવર મિનિસ્ટ્રીની અંતર્ગત આવનારું વૈધાનિક મંડળ બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી અને રોડ અને સરફેસ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીએ સંયુક્ત રીતે દરેક કાર મેન્યુફેક્ચરરની આર્થિક સ્થિતિને ઊર્જાબચત દ્વારા વધુ સારી બનાવવાનો પ્રયત્ન આદર્યો છે.

બીઇઇના ડિરેક્ટર જનરલ શ્રી અજય માથુરે જણાવ્યું હતું કે ઓટોમોબાઇલ્સમાં તેના સ્ટાન્ડર્ડ નક્કી કરી લેબલિંગ કરવાના કાર્યમાં સારી એવી હલચલ જણાય છે. એવું અનુમાન છે કે ઓટોમોબાઇલમાં પણ હવે જલદી જ સ્ટાન્ડર્ડ નક્કી થશે અને લેબલિંગનો કાર્યક્રમ આગળ



વધશે. જોકે, તેને ઇમ્પ્લિમેન્ટ કરતાં થોડો સમય જરૂર લાગશે.

પ્રધાન મંત્રીની ઓફિસ દ્વારા બીઇઇને આદેશ આપવામાં આવ્યો છે કે એનર્જી કન્ઝર્વેશન એક્ટ અંતર્ગત કડક નિયમો લાગૂ થવા જોઇએ.

વર્ષ ૨૦૦૬માં લેબલિંગ સ્કીમ લોન્ચ થઇ હતી અને તે ફ્રોસ્ટ ફ્રી રેફ્રિજરેટર્સ, ટ્યુબ્યુલર ફ્લોરોસન્ટ લેમ્પ્સ, રુમ એર કંડિશનર્સ, ડિરેક્ટ કુલ રેફ્રિજરેટર, સિલિંગ ફેન્સ, ઇલેક્ટ્રિક ગીઝર અને કલર ટીવી પર તે લગાવવાના ચાલુ પણ થઇ ગયા છે.

સ્ટાન્ડર્ડ અને લેબલિંગ એસયુવી, કાર અને અન્ય ચાર પૈડાંના વાહનો પર લગાવવામાં આવશે જેમાં ટ્રક અને ટુવ્હિલર સામેલ નથી.

આ એક કાર્યક્રમ પૂર્ણ થશે પછી ટ્રક અને ટુવ્હિલર માટે પણ ચાલુ કરવામાં આવશે. ■

# બદલાવ સ્વીકારવા મદદરૂપ થતા ૭ રસ્તા

વ્યક્તિગત રીતે કામ કરતાં અને કોઇ મોટા ઓર્ગેનાઇઝેશન સાથે કામ કરતાં અનેક ક્ષેત્રમાં નિષ્ણાત થવા અને બદલાવને સારી રીતે સ્વીકારતાં પ્રગતિ કરતાં રહેવાના કેટલાક રસ્તા શોધ્યા છે.

આપણે બધા થોડેઘણે અંશે બદલાવનો પ્રતિકાર કરીએ છીએ. વ્યક્તિગત સારા બદલાવ આવે છે જ્યારે ઘરમાં કોઇ બાળકનો જન્મ થાય છે કે પછી પ્રમોશન મળે છે. તે જ રીતે વ્યક્તિગત બદલાવ જુદા પ્રકારના પણ હોય છે જેમાં કોઇ પોતાની વ્યક્તિનું અવસાન થાય અથવા નોકરી છૂટી જાય.

એક એવો બદલાવ આવે છે જ્યારે કમ્પ્યુટરમાં કોઇ નવો પ્રોગ્રામ કે સોફ્ટવેર શીખવાનો હોય, નવા બોસ આવ્યા હોય કોઇની સાથેના સંબંધો કાં તો શરૂ થતા હોય અથવા તૂટી ગયા હોય. આ પ્રકારના કોઇ પણ સમયે આપણે થોડો ખચકાટ અનુભવીએ છીએ. તે કોઇ પણ રીતે પ્રદર્શિત થાય છે જેમ કે ક્યારેક ખુશી થાય છે તો ક્યારેક દુઃખ, ક્યારેક અસહાય મહેસૂસ કરીએ છીએ તો ક્યારેક દિશાહિન થઇ જઇએ છીએ. આપણને આપણી શક્તિઓ ક્ષીણ થતી ભાસે છે. ક્યારેક તે ગુસ્સારૂપે બહાર આવે છે કે પછી નવા અનુભવો કરવાની ઇચ્છા ન થવી જેવી ભાવના ઉદ્ભવે છે.

આ પ્રકારની લાગણીને આમ દૂર કરોઃ

૧. સ્વીકારી લો કે બદલાવને તમે બદલી શકો તેટલા સક્ષમ નથી.
૨. જે કાર્ય તમારા કન્ટ્રોલમાં હોય તેની ઉપર કાર્ય કરવાનું શરૂ કરો.
૩. જે સ્થિતિ સામે હોય તે વિશે ઊંડાણથી વિચારી અને અન્યના સપોર્ટથી તેનો સામનો કરવાની શક્તિ કેળવી અને રસ્તો મેળવી શકો છો.
૪. બદલાયેલી સ્થિતિનો સામનો કરતાં ગુસ્સો આવે, ડર લાગે કે અકળામણ થાય તો તેને દૂર કરવાનો પ્રયત્ન કરો.
૫. બદલાયેલી સ્થિતિ વિશે ફરિયાદ કરવા કરતાં પોતાની ક્ષમતાનો ઉપયોગ કરી તેમાંથી રસ્તો કાઢવાનો કે સ્વીકારવાનો પ્રયત્ન કરો.
૬. બદલાવને સ્વીકારવાથી મનમાંથી નકારાત્મક ભાવ આપોઆપ દૂર થાય છે અને સકારાત્મકતાનો ઉદભવ થાય છે.
૭. તમને ખબર જ છે કે બદલાવ આવવાનો જ છે તો તેને સ્વીકારવા માટે તૈયાર થઇ જ જાવ.

આ પ્રકારની સ્થિતિમાંથી તમે કેવી રીતે રસ્તો કાઢ્યો, તેનો સ્વીકાર કેવી રીતે કર્યો તેના અનુભવો વિશે વિચારો અને ચિંતન કરો, તમે બીજા બદલાવ માટે તૈયાર થઇ જશો. ■



# તમને જે જોઈએ તે મેળવવા તમને કોણ રોકે છે?

**જીવનમાં કોઈ ખાસ વસ્તુ મેળવવા કે ચોક્કસ જગ્યાએ પહોંચવાની દરેકની તમન્ના હોય છે પરંતુ તે માટે યોગ્ય સમયે, યોગ્ય પ્રકારના પ્રયત્નોની જરૂરિયાત હોય છે**



### પોતાને પૂછોઃ તમારે શું જોઈએ છે?

તમારે શું જોઈએ છે તે મેળવવા તે જાણવું એ સૌ પ્રથમ પગલું છે. જો તમને ખબર જ ન હોય કે તમારે શું જોઈએ છે તો તમે તેને મેળવશો કઈ રીતે? ઘણાને ખબર હોય છે કે તેમને શું નથી જોઈતું પરંતુ એને અર્થ એ નહીં કે તેઓ જાણે છે કે તેમને શું જોઈએ છે?

જીવનમાં તમારે શું નથી જોઈતું તે જાણીને તમે સક્ષમ ન બની શકો. તો તમે તમારી જાતને પૂછો, તમારે શું જોઈએ છે? તે ત્યાં સુધી પૂછતાં રહો જ્યાં સુધી તમને અંદરથી તેનો જવાબ ન મળી જાય.

### મોટું વિચારો

વિચારો ઊંચા રાખવા, મોટાં વિચારો કરવાં એ પોતાના ધ્યેયને સેટ કરવા માટેનું પહેલું પગથિયું કહી શકાય. તમે થોડા ખેંચાશો પણ ખરા. તમારી ઊંઘ ઓછી થશે. તમારે વધુ કલાકો કામ કરવું પડશે પણ તેના લાભ તમને સમયસર અને વધુ મળશે. ઊંચું વિચારવું, ધ્યેય સેટ કરવાં એનો અર્થ છે કે કોઈ અજાણી જગ્યાએ રસ્તો બનાવવો, કેડી કંડારવી. આ પ્રકારના કોઈ કામ માટે સમય અને ઊર્જા વપરાશે એવી ચિંતા ન કરવી.

આગળ વધતાં રહો, ધ્યેય તરફ નજર રાખો, શાંત ચિત્ત રાખો, ઓફિસમાં ટીમ સાથે રહો પોતાના મનથી વિચારો સફળતા તમારા ચરણોમાં હશે.

### તમારી શંકાઓને સમજો

જ્યારે તમને એકાદ મિનિટનો પણ સમય મળી જાય તો શાંત મનથી બેસો, આંખ બંધ કરો અને તમારા ધ્યેયને આંતરિક રીતે નિહાળો. તેને ફડી મૂવીની જેમ જુઓ અને માની લો કે તમે જ તેના હીરો છો. જુઓ, સાંભળો, મહેસૂસ કરો, સુગંધ અને સ્વાદને માણો અને તે પ્રાપ્ત કરતાં કેવું લાગશે તે વિચારો. એ ચલચિત્રમાં રંગ અને અવાજ ભરીને તેને વધુ જીવંત બનાવો. મનના ચલચિત્રમાં જોયા પ્રમાણે ન મળે તો અસંતોષ ન અનુભવો તેને વધુ ઉત્કટતાથી, વધુ નજીકથી એ રીતે જુઓ કે તેમાં શું ખૂટે છે અને તે પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

### તમારી હાલની સ્થિતિ તમારા માટે શું કરશે

માનવ અને પ્રાણીઓના જીવનમાં એક જ એજન્ડા હોય છે વધુ ખુશી અને ઓછાં દુઃખ. આમ કરવા માટે દરેકની વ્યૂહરચના જુદી જુદી હોઈ શકે. તેમાંના અનેક સફળ થાય પણ કેટલાંક અસફળ પણ થાય. પરંતુ અંતે એમ કહી શકીએ કે એજન્ડા લગભગ એકસરખો જ છે.

એવું પણ જોવા મળ્યું છે કે જે સાચા અર્થમાં દુઃખી લોકો હોય છે તેઓ પોતાના દુઃખમાંથી પણ ખુશીનું કિરણ મેળવી જ લેતાં હોય છે. જો ક્યારેક તમે એવી સ્થિતિમાં આવી ગયાં હો જ્યાં દુઃખ કે નિરાશા જ મળવાની હોય તો ત્યાંથી પણ તમને કંઈક સારું મળશે એવું માનીને ટકી રહો.

એક નાની વાત યાદ આવે છે. એક બિઝનેસમેનની બદલી થઈ. તેનું પ્રમોશન પણ થયું. તેને આખા વિશ્વમાં પ્રવાસે જવું પડતું. વાત એમ બની કે ૧૦ વર્ષ પહેલાં તેણે સિગારેટ પીવાનું છોડ્યું હતું, તે હવે ચાલુ થઈ ગયું. તેનું કારણ એ હતું કે તે નવી જગ્યાએ, નવા વાતાવરણમાં, ફરતાં ફરતાં, લોકો સાથે વાતચીત કરવા માટે બહાનું શોધતો અને તેથી સિગારેટનો સહારો લેતો. તેને પોતાને આ બદલાવ ગમ્યો નહીં તેથી તે ડોક્ટર પાસે ગયો અને તેમની મદદથી જાણી શક્યો કે આમ થવાનું કારણ માત્ર એટલું જ છે કે તેણે બદલાવ સ્વીકારવાની હિંમત કેળવવાની છે, બદલાવને સ્વીકારવાનો છે.

જો તમે તમારા ધ્યેય તરફ આગળ વધવા માગતાં હો તો તમારે **ગમે** તે સ્થિતિમાં એડજેસ્ટ થવાની તૈયારી રાખવાની છે કારણ કે દર વખતે તમને **ગમે** તે સ્થિતિ હોતી નથી. ■

### તમારી સીમિત માન્યતાઓને સમજો

આ એક ખૂબ મૂશ્કેલ કાર્ય છે કારણ કે તમે તમારા માટે શું વિચારો છો, એ જ રીતે તમારા સગાં સંબંધીઓ કે દુનિયા વિશે શું વિચારો છો તેનો આધાર તમારા ભૂતકાળમાં રહેલો છે અને તેને પ્રગટ કરવું મૂશ્કેલીભર્યુ છે.

તમને એવું લાગતું હોય કે તમારી માન્યતાઓને ઓળખી શકો છો છતાં તેને દૂર કરી શકતાં નથી તો તમે થેરપિસ્ટની મદદ લો.

જો તમે તમારી સંકૂચિત માન્યતાને સમજી ગયાં છો તો તે પણ એક વ્યક્તિ છે તે રીતે તમારા અંતરમન સાથે વાત કરો.

તમે પૂછોઃ તમને તમારા માટે શું જોઈએ છે? ઘણીવાર માન્યતાઓને આપણે એક આવરણ તરીકે વાપરીએ છીએ જ્યારે કોઈ પરિસ્થિતિથી દૂર ભાગવું હોય ત્યારે તેનો ઉપયોગ કરીએ છીએ. તો આ પ્રશ્ન પૂછતાં જ તમને જવાબ પણ મળી જ જશે કે તમને સુરક્ષિત રાખવા માટે જ આ પરિસ્થિતિથી તમને દૂર રાખ્યા હતા.

હવે આ સમયે તમારે તમારી ખોટી માન્યતાઓમાંથી બહાર આવવાનું છે અને તમારા ધ્યેય તરફ આગળ વધવાનું છે.

# પ્લાસ્ટિકની પાણીની બોટલ છોડો અને ઊર્જા બચાવો



**પ્લાસ્ટિકની બોટલ અને વીજળીને શો સંબંધ? એવો પ્રશ્ન થાય તો આ લેખ જરૂર વાંચજો. વાંચ્યા પછી તમે પોતે જ નક્કી કરજો કે પ્લાસ્ટિકની બોટલનું પાણી સારું કે માટલાનું!**

મોટા ભાગના ઘરોમાં ચોખ્ખું પાણી પીવા માટે બજારમાંથી તૈયાર પ્લાસ્ટિકની બોટલો લાવવામાં આવે છે. તે ફ્રિજમાં મૂકી દેવામાં આવે છે અને તેમાંથી કાઢીને પીવામાં આવે છે પછી ફેંકી દેવાય છે. પરંતુ કદાચ તમને ખબર નહીં હોય, આ બધી પ્લાસ્ટિક બોટલ્સનો નાશ કરવા ખૂબ બળતણની જરૂર પડે છે અને તેના લીધે વાતાવરણ પ્રદૂષિત થઇ જાય છે. એક જાણકારી અનુસાર અમેરિકામાં વિશ્વની સૌથી વધુ પ્લાસ્ટિક બોટલ્સ વપરાય છે અને દર વર્ષે તેના વપરાશમાં ૨૯ બિલિયન બોટલ્સ વધે છે. આ પ્રકારની બોટલ્સ બનાવવા માટે મેન્યુફેક્ચરર્સ ૧૭ મિલિયન બેરલ્સ ક્રૂડ ઓઇલનો ઉપયોગ કરે છે. એટલા જ ક્રૂડ ઓઇલથી એક મિલિયન કાર એક વર્ષ સુધી ચાલી શકે છે.

લોકો સીધું નળમાંથી કે માટલામાંથી પાણી કેમ નથી પીતાં? કેટલાંક માને છે કે બોટલનું પાણી નળમાંથી મળતાં પાણી કરતાં સુરક્ષિત છે પરંતુ તે સાચું નથી. યુનાઈટેડ સ્ટેટ્સમાં લોકલ ગવર્નમેન્ટ નળમાંથી મળતા પાણીને શુદ્ધ રાખવું સુનિશ્ચિત કરે છે. એવી ચિંતા વ્યક્ત થઇ રહી છે કે બોટલના પ્લાસ્ટિકનું રસાયણ પાણીમાં ભળવાથી વધુ નુકસાન થઇ શકે છે.



બોટલથી પાણી પીવું સુવિધાજનક છે પરંતુ તેનાથી કેટલી સમસ્યા થાય છે તેનો અંદાજ કરી શકાય તેમ નથી. ઘરમાં ગ્લાસ વડે પાણી પીવું જોઇએ અને જો બહાર જવું પડે તો ફરીથી વાપરી શકાય તેવી સ્ટીલ કે હાર્ડ પ્લાસ્ટિકની બોટલ વાપરવી વધુ સારી છે.

પ્લાસ્ટિક બોટલનું રીસાઇકલિંગ કરી શકાય છે પરંતુ તેને કચરાપેટીમાં નાખવાથી નુકસાન વધુ થાય છે. વિચારવા જેવી વાત એ છે કે દર છ બોટલે એક બોટલ જ રીસાઇકલ થાય છે. કે પછી એમ કહી શકીએ તો પણ ખોટું નથી કે બાકીની બોટલ્સ લેન્ડફિલમાં જાય છે. ક્યારેક તે નદી, તળાવ કે સમુદ્રમાં પણ જાય છે. પ્લાસ્ટિક બોટલ્સને માટીમાં મળતાં હજારો વર્ષ લાગે છે.

પાણી પીવું તમારા માટે સારું છે તેથી પીતાં રહો. પણ તમે કેટલી વાર પ્લાસ્ટિક બોટલ વાપરો છો તે અગત્યનું છે. હવે બદલાવનો સમય આવી ચૂક્યો છે.

આ બદલાવ તમે જ લાવી શકશો.

યાદ રાખો: એક પ્લાસ્ટિકની બોટલને રીસાઇકલ કરવાથી એટલી ઊર્જા બચશે કે જેથી ૬૦ વોટના બલ્બને છ કલાક સુધી ચલાવી શકાશે. ■

- અમેરિકાના બોસ્ટન શહેરમાં સૌથી જૂના કમ્પ્યુટરથી લઈને વર્તમાન સમયના લેટેસ્ટ કમ્પ્યુટરનું સંગ્રહાલય આવેલું છે.
- સૌપ્રથમ પવનચક્કી ઈ.સ. પૂર્વે ૬૫૦માં બનાવવામાં આવી હતી.
- ઈન્ટરનેટનો સૌથી વધુ વપરાશ સ્વીડનમાં થાય છે. ટકાવારીની દૃષ્ટિએ ૭૫ વપરાશકારો સાથે તે પ્રથમ નંબરે છે.
- આફ્રિકામાં ૩ ટકા લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- બોઈંગ ૭૪૭માં ૫૭,૨૮૫ ગેલન બળતણ વપરાય છે.
- વિશ્વની પ્રથમ વીડિયો



ગેમ વિલી હિંગિંગબોથમ દ્વારા શોધવામાં આવી હતી.
- સૌ પ્રથમ ઈમેલ ઈન્ટરનેટ પર વર્ષ ૧૯૭૨માં કરવામાં આવ્યો હતો.
- ઈલેક્ટ્રીક ચેર અલ્ફ્રેડ સાઉથવિક નામના ડેન્ટિસ્ટે શોધી હતી.
- રેડિયો તરંગ ધ્વનિ તરંગ કરતાં ઝડપી હોય છે જે અવાજને પણ બ્રોડકાસ્ટ કરી શકે છે.
- દર સેકન્ડે એક અબજ કરતાં પણ વધુ ટ્રાન્ઝીસ્ટર્સ મેન્યુફેક્ચર થાય છે.

# ઊર્જાની બચત કરવા વિશ્વના દરેક દેશો આગળ

આજે ઊર્જા બચાવવાની તાતી જરૂરિયાત છે, પર્યાવરણને સુરક્ષિત કરવા જરૂરી છે. આ માટે વિશ્વના વિભિન્ન દેશોને એક સરખું વિચારે છે અને તેઓ તેની ઉપર કાર્ય કરી રહ્યાં છે.

ચીન સરકાર ઉર્જાની બચત કરવા અને કાર્બનના ઉત્સર્જનમાં ઘટાડો લાવવાના કામને હંમેશાંથી મહત્વ આપતી રહી છે. ચીની સાયન્સ અને ટેક્નોલોજી મંત્રાલયના એક અધિકારી ચાંગ લાઈ ઉએ કહ્યું છે કે, ચીન સરકારે વૈજ્ઞાનિક ઉપાયોથી ઉર્જાની બચત કરવા અને કાર્બનના ઉત્સર્જનમાં ઘટાડો કરવામાં ભારે ઉપલબ્ધિ હાસિલ કરી છે.

૧૧મી રાષ્ટ્રીય પંચવર્ષીય યોજના (૨૦૦૬-૨૦૧૦) દરમિયાન વિજ્ઞાન-તકનીકી યોજનાની જેમ ઉર્જાની કિફાયતે કાર્બન-ઉત્સર્જનમાં ઘટાડાનાં અનુસંધાનના કાર્યમાં જે રકમ લગાવી છે, તે ૧૦ અરબ ય્વાનથી વધુ થઈ છે. આ રકમ પ્રતિ જીડીપી ઉર્જાના વપરાશ અને મુખ્ય પ્રદૂષિત વસ્તુઓના નિકાલની માત્રાને ઘટાડવામાં બહુ



જ મદદગાર સિદ્ધ થઈ છે.

ચાંગ લાઈ ઉએ કહ્યું છે કે, ચીની વિજ્ઞાન-તકનીક મંત્રાલય ઉર્જાની બચત એ કાર્બન-ઉત્સર્જનમાં ઘટાડાને માટે ફરીથી ઉત્પન્ન થઇ શકે તેવી ઊર્જા અને જૈવિક ઈંધણના કારગર અને સ્વચ્છ રીતે પ્રયોગ કરનારી તકનીકમાં ઉત્પન્ન સમસ્યાઓને દુર કરી છે. હરીત ઉર્જા સાથે જોડાયેલી અનેક તકનીકોનો વિકાસ કર્યો છે. આમ, કોલસા સળગવાથી, ગેસના વ્યાપક ઉપયોગ, સૌર-ઉર્જા પર આધારિત બેટરી, જૈવિક સંવર્ધનના સંશોધનમાં શરૂઆતથી જ સફળતા પ્રાપ્ત થઈ છે.

ચીની વિજ્ઞાન-તકનીક મંત્રાલયના નેતૃત્વમાં દેશમાં એક એવા ૫૦૦ વોટ ક્ષમતાવાળી રંગ-લેપ વર્ધક સૌર-ઊર્જાવાળી બેટરીની શોધ કરી છે, જે દુનિયાની પહેલી બેટરી છે. આ ઉપરાંત ૧ લાખ ૨૦ હજાર ટન વાર્ષિક ક્ષમતાવાળા તાપ-વિજળી ઘરની સ્થાપના કરવામાં આવી છે, જે કાર્બન-ડાયોક્સાઈડના ઉત્સર્જનથી મુક્ત છે.

જાણકારોના કહેવા અનુસાર ચીનના ૨૫ શહેરોમાં નવી ઊર્જાથી ચાલનારાં ૫૦૦૦થી વધુ વાહન દોડે છે. સરકારે સર્વજનિક સેવા-ક્ષેત્ર અને પ્રાઈવેટ રીતે નવી ઊર્જાથી ચાલનારાં વાહન ખરીદનારાંને ૯૭ કરોડ ય્વાનની આર્થિક સહાયતા કરી છે. આ ઉપરાંત ચીનના ૨૧ શહેરોમાં ૧૬ લાખ એલઈડી લાઈટનો પ્રયોગ પણ કર્યો છે, જેના લીધે દર વર્ષે ૧૬ કરોડથી પણ વધુ યુનિટ વીજળીની બચત થઈ છે. પરંપરાગત ઉદ્યોગોની સ્પર્ધા-શક્તિને વધારવા માટે ચીન સરકારે ઈસ્પાત-લોખંડ, વીજળી-પાવર, નિર્માણ-સામગ્રી, રસાયણ અને કૃષિ જેવા ક્ષેત્રોમાં ઊર્જાની બચત અને કાર્બન-ઉત્સર્જનમાં ઘટાડાને લગતા નવી તકનીકોના પ્રયોગો કર્યાં છે જે પ્રશંસનીય છે. ■



## પાવર ક્વિઝ

### ઈલેક્ટ્રિસિટી ક્વિઝ

નીચે આપેલા સવાલોના સાચા જવાબો સાથે આપેલા વિકલ્પોમાંથી શોધો.

**૧. ચલિત ચાર્જિસના અભ્યાસને શું કહે છે?**
- એ. ઇલેક્ટ્રોસ્ટેટિક્સ
- બી. ઇલેક્ટ્રોડાયનેમિક્સ
- સી. ગ્રેવિટી

**૨. જો તમે એક કંડક્ટર વસ્તુને વીજળીના સ્રોત પર લગાવી બીજી તરફ બલ્બ લગાવ્યો તો તેને શું ક્રીએટ કર્યું કહેવાય?**
- એ. ઇન્સ્યુલેટર
- બી. સર્કિટ
- સી. સ્વિચ


**૩. બેટરી અને ઉપકરણોના પોઝિટીવ છેડા અથવા ટર્મિનલ્સ સાથે જોડેલા હોય છે અને બેટરી અને ઉપકરણોના નેગેટિવ છેડા સાથે જોડેલા હોય છે તેને કેવી સર્કિટ કહે છે?**
- એ. શોર્ટ
- બી. સીરિઝ
- સી. પેરેલલ

**૪. આ પ્રકારની સર્કિટમાં બેટરીના અને ઉપકરણોના પોઝિટીવ અને નેગેટિવ ટર્મિનલ્સ સાથે જોડેલા હોય છે.**
- એ. શોર્ટ
- બી. સીરિઝ
- સી. પેરેલલ

**૫. ઈલેક્ટ્રિક કરંટના માપને શું કહે છે?**
- એ. ઓએચએમ
- બી. એમ્પીયર
- સી. વોલ્ટ
- ડી. કૌલોમ્બ

**૬. ઈલેક્ટ્રોમોટિવ ફોર્સ શાથી મપાય છે?**
- એ. ઓએચએમ
- બી. એમપીયર
- સી. વોલ્ટ
- ડી. કૌલોમ્બ

જવાબ : (૧) બી. (૨) બી. (૩) સી. (૪) બી. (૫) બી. (૬) સી.




UGVCL

**આપણું યુજીવીસીએલ**

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર કે આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)ને મોકલી શકો છો.


cs@ugvcl.com
kinjalsathwara@ugvcl.com
sanaik_41262@yahoo.co.in